श्री वल्लभो जयति.

[illegible]

[illegible]

[illegible]

ચાર.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ઉપોદ્ઘાતઃ

હે ધર્મ-અમૃત પાન કરવામાં ઉત્સુક જીવાત્માઓ આજ કાલ ધર્મને બહાને ઉપસ્થિત થયલાં અનેક સમાજો વેદ વિરુદ્ધ ધર્મનો પ્રસાર કરવા લાગ્યા છે. કિંચિત પણ શ્રદ્ધા સમ્પન્ન પુરૂષોની હેવી શ્રદ્ધાનો ઘાત કરી, તેઓને શુષ્ક તર્કવાદી બનાવી તેઓના જીવન પ્રેત સદૃશ બનાવવા લાગ્યા છે. તો આવા સમયમાં વેદોના સત્ય સિદ્ધાંતો ઉપર પ્રકાશ પાડવાની અત્યંત આવશ્યકતા છે અને સંસ્કારી પણ અવૈદિક વાદરૂપી વિષથી મુર્ચ્છીત થયલા આર્ય સંતાનોને પુનઃ જાગ્રત કરવા આ વ્યાખ્યાનોનું પુસ્તકાકારે અવતરણ છે.

પ્રિય વાંચક વર્ગ! જ્યાં સૂધી આપણામાં રહેલા અસહ્ય દુઃખ અને અમંગળની હોલી સળગાવનારા, કુસંપ, દ્વેષ, અને વિષયાસક્તિ વગેરે દુર્ગુણોના અગ્નિમાં સ્વાહા નથી થયો ત્યાં સુધી આત્મસુખ ભોગવવાની આશા વ્યર્થ છે.

એવા દુર્ગુણો દગ્ધ ક્યારે થાય? જ્યારે પરમાત્માના યથાર્થ વેદોક્ત સ્વરૂપને જાણી તેની ભક્તિ કરવામાં આવે; તેમ કરવાથી પરમાત્મા આપણી બુદ્ધિ

સંપત્તિ ઉજવલ કરશે અને જેથી આપણને પરમ લાભ થયા વિના રહેશેજ નહિ.

ભકિત કરવા યોગ્ય પરમાત્મા એકજ છે અને તે શ્રુત્યુકત પરબ્રહ્મ કૃષ્ણજ છે અને તેજ આ લઘુ લેખના વિષય છે.

શ્રી નગરઠઠ્ઠા સનાતન ધર્મ સભાના પ્રથમ વાર્ષિકોત્સવ નિમિત્ત જે વ્યાખ્યાનો આપવામાં આવ્યાં હતા તે આ ગ્રંથમાં જીજ્ઞાસુ પુરૂષોની જીજ્ઞાસા તૃપ્ત કરવા પ્રસિદ્ધ કર્યાં છે. તે એકાગ્ર ચિત્તથી વાંચી, ઉકત વિષયો વિષે મનમાં રહેલી શંકાઓનું ઉચ્છેદ કરી સ્વજીવન ઉન્નત કરશો.

ચત્રભુજ ગંગારામ.

વિષયો.	વક્તાઓનાં નામ.
શ્રી ગુરૂ સ્તવન (કાવ્ય)	સુંદરદાસ વીરભાન વોરા.
શ્રી કૃષ્ણ ભકિત કરવા ચિત્તને પ્રબોધ (કાવ્ય)	” ” ”
અવતાર સિદ્ધી શ્રી કૃષ્ણના આ વિભવિ સમય બ્રહ્માંડમાં થયલા મંગળમય બનાવોનું વર્ણન અને શ્રી દેવકીજીના સૂતીકા સદન માં પ્રકટેલા ભગવાનના ભાવાત્મક સ્વરૂપનું દિગ્દર્શન	” ” ”
નિત્ય કૃષ્ણ અને ભગવદ ધામની નિત્યતા પ્રતિપાદક વ્યાખ્યાન	(શાસ્ત્રી પરમાનંદ મુરલીધરદાસ)
ભકિત	પં૦ કેવળરામ ઓઝા

શ્રીકૃષ્ણાયનમઃ

શ્રી ગુરુ સ્તવન.

પધારો આજ શિષ્ય પ્રતિ. મહા પ્રભુ અકામી.
સ્વીકારો પ્રેમ પ્રણામ નાથ, વદાંએ શીશ નામી.
૧ પધારો.

સાખી

વેદ પણ ન વિચારીયો, આપ યથાર્થ સ્વરૂપ
તો વળી તવ તુચ્છ દાસ આ, કેમ જાણું તુજરૂપ?
પ્રકટ થઇ પેખશો, આપનું આ પ્રાણી
૨ પધારો

સાખી

વૈશ્વાનર વાક્ પતિવિભુ, વળી ભક્તિના ભૂપ
આપ ચરણ શરણે પડી, માંગું કૃષ્ણ અનૂપ.
અદેય દાન આપશો શ્રી પતિ મમ સ્વામી
૩ પધારો

સાખી

કોમળ કર શિર, પરધરી, રેડો કૃપાસુદાન
પૃષ્ઠ પંકિત વળી થાપડી, કાપો જીવન હાન.
ભસ્મ કરો ભૃષ્ટતા, શ્રી વલ્લભ નામી
૪ પધારો

સાખી.

દોષ દેખશો મુજ વિષે, તો હું દોષ ભંડાર
જીવન વ્યર્થ વહી જશે, ટળશે નહીં સકામી.
આજ માગું એજ પતી, અન્ય નહિ.

૫ પધારો

શ્રીકૃષ્ણ ભક્તિ કરવા ચિત્તને પ્રબોધ.

ગઝલ.

ભકિત કર શ્રી કૃષ્ણની. મન માન કહું છું કરગરી
વિષય કીચનાં ભકિતથી. તુજ કાર્ય શરશે નહી જરી
૧ ભકિત કર.

વેદને ગીતા વિષે વાત આ વિખ્યાત છે,
બ્રહ્મ સૂત્રને ભાગવત વિષે એજ અનુકથન છે;
ત્યજ પ્રમાદ ઉઠી ઉભોથા સન્ત કહેછે ફરીફરી
૨ ભકિત કર.

ચેતવાનો આ સમય છે, નહિ ગુમાવો એક ઘડી.
યમ બેડી તુને બાંધશે, પછી કઠન કાષ્ઠે જશો ચડી;
અનેક જન્મે વિષય સેવ્યા, ભુખ તુજ હજી નથી ટળી
શ્રુતિ કથેછે એજ રીતે, ભટકશો ભવમાં ફરી
૩ ભકિત કર.

ભાવ ભાવિત ભકિતથી ભગવાનને ભજ ભ્રાતનું
ઉપાય એકજ જાણજે, તોડવાનું બંધ તું
મનમાન ના હેવાન થા, થાકયો, પ્રબોધી ફરી ફરી
રટ શ્રીહરિ રટ શ્રી હરિ, ચરણ શ્રીવલ્લભ પડી

૮ ભકિત કર.

अवतार सिद्धी.

મંગળ ચિન્હ દર્શક પવન પતાકાઓ, કેળવૃક્ષ, અને પુષ્પપોટ્સવડે સભા મંડપ આજુબાજુથી શણગારવામાં આવ્યો હતો. પ્રાકૃત પ્રકાશ દાતા "વાશીંગટન લેમ્પ" સ્વરોશની આપતાં પોતાના સ્વાભાવિક સુસવાટ નાદથી ગામ્ભીર્યતાનો ફેલાવો કરી રહ્યો હતી અને તે સિવાય ત્યાં ધર્મ સભાના દ્વાર આગળ વાજીંત્રો ધ્વનિ કરી રહ્યાં હતાં.

આ વખતે આશરે ૭ા વાગે સાંજના જ્યારે સભા મંડપ મનુષ્યોથી ભરાઇ ગયો હતો તે વખતે હરિઃ ગુણ ગાન કર્યાં બાદ વ્યાખ્યાનારંભ થયું હતું.

મંગળાચરણ.

चिंता संतान हंतारो यत्पादाम्बुज रेणवः ॥
स्वीयानां ता न्निजाचार्यान्प्रणमामि मुहुर्मुहुः ॥१॥
यदनु ग्रहतो जन्तुः सर्व दुःखातिगोभवेत ॥
तमहं सर्वदा वंदे श्रीमद वल्लभ नंदनम् ॥ २ ॥

ॐ पूर्ण मदः पूर्ण मिदं पूर्णात् पूर्ण मुदच्यते ॥
पूर्णस्य पूर्ण मादाय पूर्ण मेवाव शिष्यते ॥

પ્રિય સદ્‌ગ્રહસ્થો,

આજનો અવસર મહા મંગળમય અને અચલ સુખદાતા છે કારણ કે જગતના આત્મા આર્યોના સર્વસ્વ અલૌકિક પરમાનંદ સ્વરૂપ શ્રુતી મૂર્ધન્ય પરબ્રહ્મ શ્રીકૃષ્ણના પ્રાદુર્ભાવનો પરમ રમણીય દિવસ છે જે પ્રસંગે હું પરિપૂર્ણ આશા રાખું છું જે આપ સર્વે આસ્તિક સજ્જનો લજ્જા પરિત્યાગ કરી, પરમ મનોહર અનીષ્ટ ઉચ્છેદક. મધુર સ્વરથી મંગળમય હરિઃનામ ગુંજારવ કરશો.

બોલોઃ—

हरे राम हरे राम राम राम हरे हरे ।
हरे कृष्ण हरे कृष्ण कृष्ण कृष्ण हरे हरे ।

કલિ સંતરણોપનિષત્.

પ્રિય આર્ય સદ્‌ગ્રહસ્થો, આજ કાલ આપણા ભારતવર્ષમાં વૈદિક ધર્મ માનનારાઓમાં કેટલાંક આર્ય બન્ધુઓ ભગવદ્ અવતારનું નિષેદ્ધ કરતાં પોતાની અલ્પજ્ઞતા અનુભવી પુરૂષો સમક્ષ જાહેર કરવા લાગ્યા છે એ હાસ્યાસ્પદ બીના છે. અરે શું વૈદિક ધર્મ ચાલીશકે પચાસ વરસથી શરૂ થયું છે? નહિ. સૃષ્ટિના આરંભથી અદ્યાપિ પર્યંત ચાલતો આવ્યો છે જેમાં મહાન જ્ઞાનીઓ વેદ વ્યાસાદીક જેવા અનેક થઇ ગયા છે. તેઓનું

અનુભવમય મન્તવ્ય છે, જે ભગવાન અવતાર લેછે અને આર્યોના પ્રમાણભૂત શાસ્ત્રો પણ ઉદ્દઘોષ કરે છે જે પ્રભુ અવતાર લે છે.

આજે ઇશ્વર કૃપાવડે યથાબુદ્ધિ આપ સમક્ષ આ વિષયનું સ્પષ્ટીકરણ કરીશ જે એકાગ્ર ચિત્તથી સાંભળશો:

અવ એટલે નીચે અને—**તૄ** એટલે જવું એ શબ્દો ઉપરથી અવતાર શબ્દ થયો છે તે થી તેનો અર્થ નીચે જવું થાય છે.

અવતાર શબ્દનુ અર્થ

પરબ્રહ્મ સ્વઇચ્છા માત્રથી સર્વ કાર્ય કરવાને સમર્થ છતાં જ્યારે કોઈ કાર્ય કરવાને માટે અમુક રૂપ ધારણ કરવું યોગ્ય ધારે છે ત્યારે એ રૂપ ધારણ કરવું નીચે ઉતરવા જેવુંજ છે એટલે હવે સ્પષ્ટ થયું જે અવતાર એટલે સ્વપંકિતથી નીચે આવવું અર્થાત પોતાનું અચિન્ત્ય રૂપ શમાવી પોતાની અનંત કલ્યાણકારી શકિતઓ સહીત સ્વલીલાનું કૃળઇન્દ્રિય ગ્રાહ્ય રૂપ બતાવવું તે.

શંકા.

ભગવાન સર્વવ્યાપક છે એમ શ્રુતિ કથેછે. તેથી જો કદી સર્વ વ્યાપક પ્રભુ એક દેશમાં પ્રકટ થાય તો તે વ્યકતદશાસ્થ સ્વરૂપ એક દેશી કહેવાય અને વળી સર્વવ્યાપક વસ્તુ એકજ દેશમાં આવવાથી તેના સર્વવ્યાપકત્વની હાની થશે અને વળી એક વ્યકતીમાં સર્વવ્યાપક વસ્તુ ભરાઇ શકતી નથી જેવી રીતે એક ગ્લાસમાં આખો મહાસાગર ભરાઇ શકતો નથી.

સમાધાન.

એથી શંકાઓ મુદ્દલ કરવીજ નહીં.

પ્રાકૃત ગુણોથી પીડીત મનવાળાઓનેજ એવી શંકાઓ થાયછે. આર્ય શાસ્ત્રોમાં એવી શંકાઓનું સ્પષ્ટ નિરાકરણ છે.

આપણા શાસ્ત્રોમાં અનુભવજન્ય શુદ્ધ સત્યજ પ્રકાશેછે.

પરમ પ્રસિદ્ધ શ્રી ગીતાજીમાં કહ્યુંછે:—

अवजानन्तिमां मूढा मानुषीं तनुमाश्रितम ।
परंभावमजानन्तो ममभूत महेश्वरम् ।

ગી. અ. ૯. શ્લોક ૧૧

ભાવાર્થ:—સંસાર રોગથી ગ્રસેલા પુરૂષો મારૂં યથાર્થ સ્વરૂપ નહીં જાણીને કહેછે કે એ તો એક મનુષ્ય છે કારણકે મેં મનુષ્ય જ્ઞાતીમાં અવતાર લઇ તેઓને સજાતીય મનુષ્ય શરીર બતાવ્યું છે તેથીજ. પરન્તુ નહિ, તેઓ શ્રી કહેછે:—

जन्म कर्म च मे दिव्यम् मेवंयोवोत्ति तत्वतः
त्यकत्वा देहं पुनर्जन्म नैति मामेति सोर्जुन ॥

ભાવાર્થ:—મારાં જન્મ અને કર્મ મહાન ઉત્કૃષ્ટોત્કૃષ્ટ, અપ્રાકૃત અને દિવ્ય છે તે જે યથાર્થ રીતે જાણે છે તે શરીર ત્યાગબાદ જન્મ લેતો નથી; મનેજ પ્રાપ્ત થાય છે.

શ્રી કૃષ્ણ ભગવાન કહેછે જે મારો જન્મ દિવ્ય છે તે દિવ્યતા, ગુણત્રય દગ્ધ કરવા વિના અનુભવાતી નથી. પરમાત્માનાં દિવ્ય અપ્રાકૃત ગુણો જેવાં કે સર્વવ્યાપકતા સર્વજ્ઞત્વ; સર્વશક્તિતા પૂર્ણ સત, પૂર્ણચિત્ત, પૂર્ણ આનંદ તે વ્યક્ત અવતારી સ્વરૂપમાં જાગ્રતજ હોયછે જેને અલૌકિત ચક્ષુ કૃપા કરીને આપેછે તેજ તેના પરં ભાવ અને અવતારી સ્વરૂપનું અનુભવ કરવા ભાગ્યશાળી થાયછે જેવાકે **અર્જુન**, ગોપિકાઓ અન્ય સન્તો અને મુની જનો, ભકતો જેઓ તેના બ્રહ્મત્વનું કથન કરી રહ્યા છે.

અરે ! આ પૃથ્વી લોકમાં જીવો પણ વિહીત સાધનો વડે જ્યારે આ શરીરમાં સર્વજ્ઞ સર્વ વ્યાપક,સર્વ શક્તિમાન થઇ શકવા સમર્થ છે, **ब्रह्मविद् ब्रह्मैव भवति** એમ શ્રુતિ કહેછે તો પછી સ્વાભાવિક સામર્થ્ય સમ્પન્ન **ब्रह्म** તે અવસ્થામાં **ब्रह्मरूप** જ રહે આ વાત અસમ્ભવિત કેમજ હોય. ભગવાનના અવતારની ભૂતળ ઉપર સિદ્ધિ બતાવી. હવે તેનું પ્રયોજન બતાવવામાં આવે છે. એક મુખ્ય પ્રયોજન છે બીજો ગૌણ છે. પરબ્રહ્મના પ્રાકટ્યનું મુખ્ય પ્રયોજનતો છે જે "નિર્મળ હૃદયવાન પરમહંસ મુનિઓના ભક્તિયોગના વિસ્તારને માટે છે." એટલે પરમ કારૂણીક પ્રભુ ભક્ત સંસાર નિસ્તાર કરીને તેના

અવતાર પ્રયોજન.
(ક) મુખ્ય પ્રયોજન.
(ખ) ગૌણ પ્રયોજન.

૪૫૪૦

પ્રપંચનું નિરોધ કરે છે જેથી તે ભક્ત પ્રેમાસક્ત, સ્નેહ લુબ્ધ થઇ કૃતકૃત્ય થાય છે. ગૌણ પ્રયોજન શ્રી ગીતા-જીમાં દર્શાવેલ છે:—

यदा यदाहि धर्मस्य ग्लानिर्भवति भारत. વગેરે આ શ્લોકમાં સ્પષ્ટ ગૌણપ્રયોજનનું વર્ણન છે.

ભાવાર્થ:—હે અર્જુન જ્યારે જ્યારે વર્ણાશ્રમોચિત ધર્મ ક્ષીણ દશાને પ્રાપ્ત થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું અવતાર લઉં છું. વૈદિકધર્માનુષ્ટાનશીળ સાધુ પુરૂષોની રક્ષા કરવા, દુર્જન દુષ્કૃત જીવોનો નાશ કરવા અને ધર્મ સ્થાપન કરવા યુગ યુગમાં હું અવતાર લઉં છું.

પ્યારે! ચાહે એટલી બુદ્ધિસમ્પન્ન જીવ હો ચાહે એટલો આત્મબળ ધરાવવાનું ફાંકો રાખનાર હોય પરન્તુ જ્યારે અધર્મનુંજ સામ્રાજ્ય આખા જગતમાં છવાઇ રહે છે અધર્મ જ્યારે પરાકાષ્ઠા દશાએ પહોંચે છે ત્યારે કોઇ પણ નહિ પણ એકજ પરબ્રહ્મ પરમાત્માજ તેનું ચૂર્ણ કરવા, તેનુ મથન કરવા શક્તિ ધરાવે છે તેથી તેજ પૂર્ણ રૂપે, આવેશ, અંશ, કળા રૂપે અવતરી શુદ્ધ, અખંડ, નિત્ય સનાતન વેદ ધર્મનું સ્થાપન કરે છે.

શંકા

ભગવાન સર્વત્ર છે, સર્વ શક્તિમાન છે અંતર્યામી છે તેથી પૂર્વોક્ત કાર્યો બાહેર પ્રકટ થયા વિના કરી શકે છે.

સમાધાન.

એ શંકાનુ સમાધાન શ્રીમદ વલ્લભાચાર્યજીએ શ્રીમદ ભાગવત ઉપર સુબોધીની ટીકામાં અતિ ઉચ્ચ રીતીથી કરેલું છેઃ—

याव दन्तः स्थितो वह्नि प्रकटो वा विशेन्न हि ।
ताव दन्तः स्थितो प्येषन दारुदहनक्षम ॥
एवं सर्वगतो विष्णु प्रकटश्चेन्न तद्धरोत्.

ભાવાર્થ— કાષ્ઠની અન્દર અંતઃસ્થ અગ્નિ છે તથાપી કાષ્ઠનો દાહ કરવાની તે અન્તઃસ્થ અગ્નિની યોગ્યતા નથી. અન્તઃસ્થ અગ્નિ બહાર પ્રગટ થયા પછી તેનો સંબંધ કાષ્ઠને થાય છે અને કાષ્ટ સાથે સંબંધ થવાથી બાહેર પ્રગટ થયલો અગ્નિ કાષ્ઠમાં પુનઃ પ્રવેશ કરે છે, ત્યારેજ કાષ્ઠનો દાહ થાય છે. કાષ્ઠને પણ અગ્નિ ભાવ પ્રાપ્ત થાય છે એ સર્વને અનુભવ સિદ્ધ છે.

એજ પ્રમાણે સર્વાન્તઃસ્થ વિષ્ણુ સર્વત્ર છે તથાપી સર્વનો પ્રલય કરવાની અન્તઃસ્થ વિષ્ણુની યોગ્યતા નથી.

અન્તઃસ્થ વિષ્ણુ બહાર પ્રગટ થયા પછી ભક્તના દેહ ઇંદ્રિય આદિ સર્વ પ્રપંચને બહાર પ્રગટ થયલા વિષ્ણુનો સંબંધ થાય છે, ભકતના દેહ ઇંદ્રિયાદિ સર્વ પ્રપંચને વિષ્ણુનો સંબંધ થયાથી બહાર પ્રગટ થયેલ વિષ્ણુ ભકતના દેહેંદ્રીયાદિ સર્વ પ્રપંચને વિષે પુનઃ પ્રવેશ કરે છે ત્યારે ભકતના દેહ ઇંદ્રાયો વગેરે સર્વ પ્રપંચનો પ્રલય થાય છે, ભકતનાં દેહેન્દ્રિ આદિ સર્વને ભગવદ્ભાવ, બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે.

તાત્પર્ય એ કે જેવી રીતે પ્રગટ અગ્નિ એકક્ષણમાં અગ્નિમય આખી જગતને બનાવી શકે તેવીજ રીતે પ્રકટ બ્રહ્મ સરલતાથી કાર્ય કરી શકે છે.

કાષ્ઠ અને અગ્નિના દ્રષ્ટાંતથી અવતાર પ્રયોજન બતાવ્યું.

હવે એ અવતારી પરબ્રહ્મજ છે જેનું આજ મંગળ-મય જન્મ દિવસ છે, તેના પાદુર્ભાવ સમય બ્રહ્માંડમાં કેવા કેવા દૂખોચ્છેદક, સુખોત્પાદક પરમ મંગળકારી બનાવો બન્યા છે જેઓનું શ્રીમદભાગવતમાં વર્ણન છે તે જોઇએ.

श्रीकृष्ण जन्म समय समग्र ब्रह्मांडमां थयेलां मंगळमय अद्भुत बनावोनुं.वर्णन.

જે સમય પરબ્રહ્મનું અવતાર થયું હતું તે વખતે ત્રિવિધ દેશ નીચેનો, ઉપરનો અને મધ્યનો નિર્દોષ થઇ ગયો. એવી રીતે કાળ અને પંચભૂત વગેરે સઘળા પદાર્થો પવિત્ર થવા લાગ્યા.

ત્રિવિધ દેશ અને કાળના ઉત્તમ ગુણો.

ભગવદ અવતાર સમય કાલે પોતાનામાં રહેલા સઘળા દિવ્યગુણ પ્રગટ કર્યાં. નિર્દોષ રોહણી નક્ષત્ર પ્રકટ થયો અને બીજાં પણ આશ્વન્યાદિ નક્ષત્રો અને ગ્રહોએ શાન્તિ સ્વીકારી. એવી રીતે દિશાઓ સર્વત્ર પ્રસન્ન દેખાવા લાગી. અને નિર્મળ નક્ષત્ર સમુહનો પ્રકાશ આકાશમાં વ્યાપ્ત થઇ ગયો. શહેરો, રાજ-

ધાનીઓ, ગામડાંઓ અને ખાણોયુકત પૃથ્વી મંગળરૂપે પ્રકાશીત થવા લાગી.

દેશ અને કાળ નિર્દોષ થયાં એટલુંજ નહીં પણ તત્સમયે ભૌતિક પદાર્થોએ પણ મલીનતા ત્યાગ કરી દીધી.

પૃથ્વીની નિર્દોષતા પૂર્ણ ગુણતા

પૃથ્વીએ પોતાનું પૂર્ણ ગુણત્વ, પુષ્પ સુગંધદ્વારા પ્રગટ કર્યો. પક્ષી અને ભ્રમરોના નાદથી તથા પુષ્પ ગુચ્છોથી વન પંક્તિઓ શોભવા લાગી.

જળની નિર્દોષ પુર્ણ ગુણતા.

ચોમાસું હોવા છતાં, વહેતી નદીઓના જળની મલીનતા દૂર થઇ તેઓ સ્વચ્છ થઇ ગઇ હતી.

સ્થિર જળના સરોવરો તથા તળાવો વગેરે કમળ પુષ્પ સંપત્તિથી સુશોભીત પ્રત્યક્ષ થતાં હતાં.

વાયુ, અગ્નિ, અને આકાશના નિર્દોષ ગુણો.

તે વખતે વાયુએ પણ અતિ પવિત્ર ગંધને વહન કરી લૌકિક અને વૈદિક શાન્ત અગ્નિઓ પ્રદિપ્ત થવા લાગી. આકાશમાં વિવિધ નાદાત્મક દુંદુભીઓ પોતાની મેળે વાગવા માંડયાં. એવી રીતે પાંચ મહાભૂતોએ દોષરહિત પોતાના ગુણો પ્રકટ કર્યા.

અહા! તે શુભ અવસરમાં દેશ કાળ અને પંચભૂત નિર્દોષ થયા એટલુંજ નહિં, પણ મને પણ દોષરહિત

સર્વ ગુણ પ્રકટ કર્યા. અસુર અને નાસ્તીક પુરૂષો જેઓનો દ્રોહ કરેછે તેવા સાધુ મુનિજનોના મન સ્વસ્થ થઇ આત્મતૃપ્ત અને પ્રસન્નતા અનુભવવા લાગ્યા. દેવતાઓના ગવૈયા, કીન્નર અને ગાંધર્વો પ્રફુલ્લીત વદને ગાન કરવા લાગ્યા ; અપ્સરાઓ આનંદથી ગાન તથા નૃત્ય કરવા લાગી. એવી રીતે જે વિદ્યામાં જે જે કુશળ હતા તેઓ અકસમાતથી સ્ફૂરતી અને હર્ષ વડે સ્વકર્મમાં યોજાયા.

શબ્દબળવાળા મુનિજનોએ તે વખતે તથા દેવતાઓએ પોતાની સેવા બતાવવા હર્ષથી પુષ્પ વૃષ્ટી કરવા માંડી.

મહાસાગરની પાસે મેઘ મંદમંદ ગર્જવા લાગ્યો એટલે સાગર અને મેઘોનો મીશ્રીત સ્વર હૃદયને આલ્હાદિત કરવા લાગ્યો. એવી રીતે પરબ્રહ્મના જન્મ મૂહુર્તમાં અંધકાર નિર્વૃત થયો, એટલે દેશ, કાળ, પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, આકાશ, મન વગેરે સર્વ તત્વો જીવનદાતા સૂર્ય માફક પોતાની ઉચ્ચ રશ્મિઓ બ્રહ્માંડમાં પ્રસારવા લાગ્યા અને તેથી એમ સૂચન થયું જે કલ્યાણકારી શ્રી પુરૂષોત્તમનું પ્રાકટ્ય સમય આવ્યું.

श्रीदेवकी जीना सुतिका सदनमां प्रकटेलां भगवानना भावात्मक स्वरुपनुं दिग्दर्शन.

શાસ્ત્રનો એવો સિદ્ધાંત છે જે ભગવાન પૂર્ણ સત્વમાંજ પ્રકાશે છે. શ્રી દેવકીજી સત્વપુષ્ઠ બ્રહ્મ અનુભવ યોગ્ય છે તેથીજ તેમાં વિષ્ણુનો આવિર્ભાવ થયો.

અંદર આવિર્ભાવ થયલા, સર્વના અંતઃકરણમાં રહેનાર (સર્વ ગુહાશય) ભગવાન ઉકત સમયે પ્રકટ થયા અથવા દેવકીજીએ અંદર અનુભવથી જોયેલા ભગવાન બાહેર દ્રષ્ટિગોચર થયા.

પ્રસુતિથી કે વાતાદિકથી આ પ્રાકટ્ય થયું નથી, અર્થાત ભગવાનને શ્રી દેવકી સાથે યોન સંબંધ કોઈ પણ રાતે નથી તેમ વસુદેવ સાથે સંબંધ પણ નહોતો.

શ્રી દેવકીજી તો માત્ર અધિષ્ઠાન છે, જેમ ચંદ્રમા પૂર્વ દિશામાં પ્રકટે છે તેથી પૂર્વ દિશા કાંઇ ચંદ્રમાના ઉદયનું કારણ નથી, માત્ર સ્થાન કહેવાય છે, તે દેવકીજી ભગવાનનું કારણ નથી પણ માત્ર અધિષ્ઠાન છે.

જે "બ્રહ્મ" લોકમાં અને વેદમાં પ્રસિદ્ધ છે જે સમસ્ત જગતનો આશ્રયભુત છે તે અદ્દભુત શોભાવાળા બાળકને વસુદેવે જોયો. આ કમનીય બાળકને કમળ સરખાં શોભાયમાન બે નેત્રો હતાં, પ્રભુના નેત્રોને કમળની ઉપમા એટલાજ માટે આપેલી છે જે કમળ પુષ્પ સૌન્દર્ય, શીતળતા અને સુગન્ધ પરિપૂર્ણ છે તેવીજ રીતે ભગવાનના નેત્રો અનૂપમ શાન્તિનાં નિધી, શોભાના સાગર અને જ્ઞાન સુગંધથી સુગન્ધિત છે. જે જીવ ઉપર પોતાની અમી દૃષ્ટિ ફેંકે છે તેના સમસ્ત

ક્લેષોત્પાદક, વિષયોત્પાદક અને ચિંતામય તાપોને ભસ્મ કરી તેના તનુમાં પવિત્ર પ્રેમમય રસનું સિંચન કરે છે. આ બાળકને ચાર હસ્ત, ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ રૂપી ચાર પુરૂષાર્થ સૂચક હતા. આ સુભગ શ્રી કરકમળોમાં પ્રભુએ ચાર આયુધ ધર્યા હતા જેવાંકે શંખ, ચક્ર, ગદા અને પદ્મ અથવા કમળ.

શંખ એ સમષ્ટિ જળતત્વસૂચક, ચક્ર અગ્નિ-સૂચક, ગદા વાયુસૂચક અને કમળ પૃથ્વીસૂચક આયુધ છે. છાતીમાં જે શ્રીવત્સ ચિન્હ હતું તે અક્ષર બ્રહ્મ અને કંઠમાં જે કૌસ્તુભ મણી તે વિહીત જ્ઞાન ક્રિયાનિષ્ઠ જીવન મુકત ચકચંકિત જીવો છે એમ સૂચીત થાય છે.

ઉદાર મેઘ સદ્દશ તેઓશ્રીના શ્રીઅંગનું શ્યામ રંગ શોભા આપતું હતું તેનાપર વિદ્યુત જેવા માયા રૂપી કેસરી પીતાંબર પહેરેલો હતો.

શ્રી મસ્તક ઉપર વેદરૂપ મુકુટ ધારણ કર્યો હતો અને કર્ણમાં કુન્ડળ, સાંખ્ય અને યોગ દર્શક ચિન્હો ધારણ કર્યા હતા, તે મુકુટ અને કુન્ડળોમાં જે પ્રકાશમય વૈદુર્ય મણી ઝળહળી રહી હતી તેઓ ગુરૂરૂપ હતી; કારણ કે ગુરૂ વિના વેદ જ્ઞાન થતો નથી. શ્રી મસ્તક ઉપ-રના શ્યામ સ્નિગધ કેશ, જે વૈદુર્ય મણી જડીત કિરીટ અને કુન્ડળોની કાન્તિથી ઝળકી રહ્યાં હતાં એનું તા-ત્પર્ય એવું છે જે તેઓ (કેશો) ષડ શાસ્ત્રાત્મક છે

તેથી વેદમાંથી પ્રકાશ લઇને તેઓ શાસ્ત્રપણુ ધારણ કરે છે.

ઉપરોકત આભરણો બધા જ્ઞાન રૂપ છે હવે કર્મ રૂપ આભરણો પ્રભુએ કેવા ધારણ કર્યા છે તે જોઇએ.

કર્મ ત્રણ છે સાત્વિક, રાજસ અને તામસ કટી મેખલા જે માયારૂપી પીતાંબર ઉપર બાંધી છે તે તામસ કર્મરૂપ છે, અંગદ રાજસ અને કંકણો સાત્વિક કર્મરૂપ છે.

વસુદેવ શુદ્ધ સત્વરૂપ હતા તેથી તેને ત્યાં અલૌકિકતા સહીતજ ભગવાનના દર્શન થયાં. તે વખતે તેના નેત્ર પ્રફુલ્લીત થઇ ગયા તે સમય મંગળ સ્નાન કરી, દશ હજાર ગાયોનું દાન કરવાનો મનથી સંકલ્પ કર્યો. તે બાળકની અદભુત કાન્તીથી સૂતીકાસદન સર્વત્ર તેજોમય ભાસતુ હતું.

શુદ્ધ બુદ્ધિવાળા વસુદેવે આ બાળકને પરબ્રહ્મ નીશ્ચય કરી, શિરયુકત શરીર નમાવી હાથ જોડી નીર્ભય થઇ, રોમાંચ ખડા કરે એવા મધુર સ્વરથી સ્તુતી કરી; તેવીજ રીતે શ્રી દેવકીજીએ પણ કીધી. તત્પશ્ચાત શ્રી બાળ ભગવાને શ્રી મુખથી વસુદેવ તથા દેવકીજીને તેઓના પૂર્વ જન્મોનું વૃતાંત સંભળાવ્યું. પછી ગોકુળમાં નંદને ત્યાં મુકી આવવાની અને ત્યાંથી કન્યા લઇ આવવાની આજ્ઞા કરી તે પછી તઓ શ્રી પ્રાકૃત બાળકરૂપે થઇ ગયા.

ભગવદ્ આજ્ઞાનુસાર વસુદેવે લોકોના નાથને પાલનામાં પધરાવ્યું અને ગોકુળ તરફ ગમન કર્યું તે વખતે માયાનું જન્મ નંદને ઘેર થઇ ચુકયું હતું.

કેદખાના બંધ હતાં; તેઓ ભારે અને મજબૂત દરવાજાઓવાળા હતા. કેદખાનાની બહાર ભયને માટે વાઘ, સિંહ અને હાથી વગેરે ભયંકર પ્રાણીઓ રાખ્યા હતા. રસ્તો એટલો તો ભયંકર હતો કે દિવસે પણ ત્યાંથી થઇને જવું મુશ્કેલ પડે; પણ શુદ્ધ સત્વ અંતઃકરણ (વસુદેવ) જ્યારે ભગવાનને વહન કરે છે એટલે તૈયાર થાય છે ત્યારે રસ્તાની બધી મુશ્કેલીઓ દુર થાય છે કારણ કે અંતઃકરણ મુકત કરવા સમર્થ છે. શુદ્ધ સત્વ અંતઃકરણવાળા વસુદેવ, ભગવાનને જ્યારે લઇ આવ્યા ત્યારે કેદખાનાના તમામ દરવાજાઓએ પોતાનો તામસ સ્વભાવ દુર કર્યો; અને તેઓ આપોઆપ ઉઘડી ગયા અને વસુદેવ ભગવાનને લઇ બાહેર આવ્યા. તે વખતે મેઘ મંદ મંદ ગર્જતાં વરસાદ વરસાવવા લાગ્યો તે સમયે ભગવાનની પ્રેરણાથી શેષનાગ પોતાની સહસ્ર ફણોવડે છાયા કરવા લાગ્યો. શ્રી યમુનાજીએ પણ માર્ગ આપ્યો. વસુદેવ ભગવાનને સ્વમિત્ર નંદને ગ્રહ, વ્રજમાં યશોદાજીના શયનગૃહમાં સ્વપુત્રને મુકયો અને તેની કન્યાને લઇ પાછો આવ્યો એટલે કેદખાનાના દરવાજા પાછા જેમના તેમ બંધ થઈ ગયા. નંદની સ્ત્રી યશોદાને એમ થયું જે કાંઇક બાળક અવતર્યું છે.

એટલું જાણુવામાં આવ્યું હતું પણ થાકથી અને યોગ માયાએ સ્મૃતી હરિ લેવાથી, પુત્ર છે કે કન્યા છે એવું જ્ઞાન થયું નહતું. જે કન્યાને વસુદેવ લઇ આવ્યો હતો તે માયારૂપ હતી; પ્રાતઃકાળે કંસને ખબર પડતાં તેને મંગાવી લીધી; અને જ્યારે તેને પથ્થર ઉપર પછાડવા જાય છે ત્યારે તે દૈવીશક્તિ હોવાથી તેના હાથમાંથી છટકી ગઇ અને આકાશમાં અદ્દભૂતરૂપ ધરતાં કંસને કહ્યું કે જેને તું દુશ્મન સમજે છે તે ક્યાંક પ્રગટ થઇ ચુકયો છે એટલું કહી અદૃશ્ય થઇ ગઇ.

પ્રિય સજ્જનો ! આ શુભઅવસરમાં મેં આપ સમક્ષ “અવતાર” અને શ્રી કૃષ્ણ વિષયક જે ભાષણ નિવેદન કીધું તેમાં જે પણ રૂચીકર આપને લાગે તેટલે અંશે ગ્રહણ કરશો.

શાન્તિઃ શાન્તિઃ

मूळ रूप नित्य श्रीकृष्ण अने भगवद् धामनी नित्यता प्रतिपादक व्याख्यान.

મંગળાચરણ.

सौन्दर्यं निज हृद्गतं प्रकटितं स्त्री गूढ भावात्मकं,
पुंरूपं च पुनस्तदंतरगतम् प्रावी विशत स्वप्रिये
संश्लिष्टा बुभयोर्बभौ रसमयः कृष्णो हि यत्साक्षिकं
रुपं तत्त्रि तयात्मक परमभि ध्येयं सदा वल्लभम ॥ १ ॥

પ્રિય વિદ્વત્ વર્ગ અને સમગ્ર વૈષ્ણવ વૃંદ,

આજે જન્માષ્ટમીનો મહાન ઉત્સવ હોવાથી આપણુને સમગ્ર કાર્ય એક કોરે મૂકી શ્રી કૃષ્ણ ગુણાનુવાદજ કરવા શ્રી કૃષ્ણનું ગુણગાન કયારે યથાર્થ થાય. જયારે તેના સ્વરૂપની પૂર્ણ માહીતી હોય.

નિત્ય શ્રીકૃષ્ણ.

આજકાલ શ્રી કૃષ્ણના સ્વરૂપમાં અનેક કુતર્કીઓ કુતર્ક કરે છે. કોઇ એમ કહે છે કે શ્રી કૃષ્ણ ગુણાભિમાની દેવતા છે તો કોઇ એમ કહે છે કે શ્રી કૃષ્ણ એક યોગેશ્વર અથવા મહાત્મા છે પણ ખરેખરૂં જે સ્વરૂપ વેદ ભગવાને પ્રતિપાદન કરેલું છે, તેજ સ્વરૂપ આ વ્યાખ્યાનમાં આપ સજ્જનોને સ્પષ્ટ રીત્યા પ્રસ્થાન ચતુષ્ટયની એક વાકયતાથી બતાવવામાં આવશે.

પ્રિય સભ્યગણ! આપ જરા વેદભાગ ઉપનિષદ્ પ્રતિ લક્ષ આપશો :—

सच्चिदानन्द रुपाय कृष्णा याऽक्लिष्ट कर्मणे नमो वेदान्त वेद्याय गुरवे बुद्धि साक्षिणे ॥

ગો. તા. ઉપનિષદ્.

ભાવાર્થ—સચ્ચિદાનંદરૂપ શ્રી કૃષ્ણ પ્રતિ નમસ્કાર છે, તે શ્રી કૃષ્ણ કેવા છે કે અકલ્ષ્ટ કર્મો છે (પરિશ્રમ વગર કર્મ કરનાર છે) અને વેદાંતથી જાણવા યોગ્ય છે, જેમકે વેદમાં કહ્યું છે:-

तंतौपनिषद् पुरूषं प्रज्छामि

એટલે ઉપનિષદમાં જે પુરૂષનું વર્ણન છે તે વિષે હું પુછું છું, તેજ પુરૂષ તેજ શ્રી કૃષ્ણ. વળી તેઓ કેવા છે કે જ્ઞાનદાતા ગુરુ છે અને બુદ્ધિના સાક્ષી છે. આ પ્રમાણથી સિદ્ધ થઇ ચુકયું કે શ્રી કૃષ્ણ ગુણાભિમાની દેવતા અથવા યોગી કે મહાત્મા નથી પણ સાક્ષાત ઉપ-નિષદઉકત પરમ પુરૂષ છે.

એજ ઉપનિષદમાં " શ્રી કૃષ્ણ " શબ્દની વ્યુત્પતિ બતાવી છે તે નીચે મુજબ છે:—

વેદોકત શ્રી કૃષ્ણ
શબ્દની વ્યુત્પતિ.

कृषिर्भूवाचक प्राक्तोण-- निवृति वाचकः तयो रैक्यं परंब्रह्म कृष्ण इत्यभिधीयते ॥

અર્થ:—**कृष्ण** પદમાં " **कृष्** " શબ્દ સત્તાવાચક છે અને **ण** પદ નિવૃત્તિ વાચક છે અથવા આનંદ વાચક છે તેથી એ બંને પદનો ભેગો અર્થ સદાનંદ એટલે પરબ્રહ્મ થાય છે. તેથી શ્રીકૃષ્ણ સદાનંદ અને પૂર્ણ આનંદરૂપ થાય છે.

ક્ષર અને અક્ષરથી પણ પર કૃષ્ણ છે

કોઇને એવી શંકા થાય કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેષ અને આ સમસ્ત જગત અક્ષર બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે તેથી અક્ષરરૂપ કૃષ્ણ હશે, કારણ કે વેદમાં કહ્યું છે: **अक्षरांत संभवतीह विश्वम्** એમ પણ નથી, શ્રી કૃષ્ણ અક્ષરથી પણ પર જે પરમ કાષ્ઠાપન્ન વસ્તુ છે તેજ કૃષ્ણ છે. જુઓ ઉપનિષદમાં કહ્યું છે.

१ दिव्योह्यमूर्तःपुरुष सबाह्याभ्यंतरो ह्यजः ऊप्राणो ह्यमना शुभ्रः अक्षरात् परतः पर ॥

અને શ્રી ગીતાજી પણ એમ કહે છે:

२ यस्मातक्षरम तीतोऽहं मक्षराद् पिचोत्तमः ॥ अतोस्मि लोके वेदेच प्रथितः पुरुषोत्तमः ॥

૧ અર્થ:—અલૌકીક, પ્રાકૃત રૂપથી રહીત એવા પુરૂષ બાહેર અને અંતરવ્યાપક જન્માદિ વિકારથી રહીત, પ્રાકૃત પ્રાણ અને મનથી રહીત શુદ્ધ, **અક્ષરથી પર** એવા પુરૂષોત્તમ છે.

૨ અર્થ:—ક્ષરથી અતીત અને અક્ષરથી ઉત્તમ છું, લોક અને વેદમાં પુરૂષોત્તમ એવા નામથી પ્રસિદ્ધ છું. શ્રીમદ ભાગવતમાં પણ શ્રી કૃષ્ણનું પરિપુર્ણત્વ દર્શાવેલું છે:—

कृष्णस्तु भगवान् स्वयं ॥

શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન છે.

पुरुष विधोन्वयोत्र चरमोन्नमया दिषयः ॥

અર્થ—અન્નમયાદિક જે કોષો છે તેમાં જે અન્તિમ કોષ આનંદમય છે તેજ પુરૂષોત્તમ છે.

હવે જરા બ્રહ્મસૂત્ર તરફ દૃષ્ટિ કરીએ જે બ્રહ્મસૂત્રે વ્યાસ ચરણે વેદના ઉત્તરકાંડ માંહેના સંદેહ નિવારણાર્થે રચેલાં છે તેમાં સ્વય ભગવદ્ જ્ઞાનાવતાર વ્યાસ ચરણ કહે છે.

जन्माद्यस्य यतः शास्त्र योनित्वात् ॥

ઉકત સૂત્રનું અર્થ આ છે જે થકી જગતના જન્માદિ થાય છે તેજ બ્રહ્મ છે એમાં કારણ શાસ્ત્ર છે, એમ ઉપક્રમ કરી આનંદમયા ધી કરણમાં શ્રી વ્યાસ ચરણ કહેછે; **आनन्द मयोऽभ्यासात् ॥**

પરમાત્મા આનંદ મયછે કેમકે વેદમાં આનંદમય પરમાત્માનું વારંવાર કથન છે એ વ્યાસજીના સૂત્રથી સ્પષ્ટ થાય છે.

પ્રિય! શ્રોતૃવૃંદ! * પ્રસ્થાન ચતુષ્ઠયથી આપણુને દૃઢ પ્રતિતી થઈ જે મૂળરૂપ શ્રીકૃષ્ણુજ છે આપણા પરમગુરૂ અખંડ ભૂમંડળાચાર્યવર્ય શ્રીમદ વલ્લભાચાર્ય પણ શ્રીકૃષ્ણુ વિષે એમજ કહેછે.

सर्वाधारम वश्यमायमानंदाकार मुत्तमम् ॥
प्रापंचिक पदार्थानाम सर्वेषाम् तद विलक्षणम् ॥

અર્થ—સર્વનું આધાર છે, માયા જેને વશ છે.

ઉત્તમ આનંદાકાર છે, અને સર્વ પ્રપંચિક પદાર્થોથી વિલક્ષણુ પ્રભુ છે.

નારદ પંચરાત્રમાં પણ એમજ કહ્યું છેઃ—

आनंद मात्र करपाद मुखोदरादि ॥

સર્વાંગે આનંદરૂપ છે.

નિત્ય કૃષ્ણુ સ્વરૂપ પ્રતિપાદન થયું. હવે તેના ધામની નિત્યતા દર્શાવવામાં આવેછે.

---

* વેદ–ગીતા–સૂત્ર—ભાગવત.

ભગવદ્ ધામની નિત્યતા.

ભગવદ્ ધામ એટલે ભગવાનનું રહેવાનું સ્થાન, એને "બ્રહ્મસદન" તથા "શ્રી કૃષ્ણનિકેત" પણ કહે છે. તે અક્ષર છે અને તે કાળ અને કર્મની સત્તા નીચે નથી તેથી નિત્ય છે એમ પ્રસ્થાન ચતુષ્ટયની એકવાક્યતાથી બતાવવામાં આવશે.

શ્રી ગીતાજીમાં ભગવાન કહે છે —

अव्यक्तोऽक्षर इत्युक्त स्तमाहुः परमां गतिम् ॥
यंप्राप्य ननिवर्तंते तद्धाम परमं मम ॥

અર્થ—અવ્યકત તેજ અક્ષર છે (અવ્યકત શબ્દને પ્રકૃતી કે જીવન સમજવું) તે પરમ ગતિ રૂપ છે જેને પ્રાપ્ત કરવાથી જીવો પાછા આવતા નથી તેજ મારૂં ધામ છે.

શ્રીમદ ભાગવતના દશમ સ્કંધ ૨૮ મા અધ્યાયમાં ગોપજનોએ ભગવાનને પ્રાર્થના કરી છે જે આપના ધામનું અમને દર્શન કરાવો. તેઓની પ્રાર્થના સ્વીકારી ભગવાને તેઓને સ્વધામનું દર્શન કરાવ્યું તે વિષે શ્રી શુકદેવજી નીચે પ્રમાણે કહે છે:—

दर्शाया मास लोकंस्वं गोपामां तमस परम् ॥ सत्यं ज्ञान मनतं यद्ब्रह्म ज्योति सनातनम् ॥ यद्धि पश्यन्ति मुनयो गुणापाये सभाहिताः

અર્થ—તમસથી પર એવો જે પોતાનો લોક તે ગોપજનોને દેખાડયો. તે લોક કેવો છે કે સત્ય, જ્ઞાન અને અનંતરૂપ જે બ્રહ્મ પ્રકાશમાન સદા વર્તમાન છે તે દેખાડયો. જ્યારે મુનિગણોના ગુણ નિવૃત થાય છે અને જ્યારે તેઓ સાવધાન થાય છે ત્યારે તેઓ આ લોકના દર્શન કરેછે. તેથી એમ પણ સિદ્ધ થયું જે ગુણમય લૌકિક પુરૂષો ચર્મ ચક્ષુથી આ ધામનો અનુભવ કરી શકતા નથી; માત્ર આ ભકિતયોગ ગમ્ય છે.

હવે આ ધામની હકીકત વિષે વેદ શું કહેછે તે જોઇએ.

१ नावां वास्तन्युष्मसि गमध्ये यत्र गावो भूरिश्रृङ्गा अयासः अत्राहतदुरु · गायस्य वृष्णः परमं पदम वभाति भूरीति ॥

ऋग्वेद.

વળી રૂગ્વેદમાં આગળ કહ્યુ છે.

२ तद्विप्रासो विपण्यवो जागृवासः समिन्धते विष्णोर्यत् परमं पदम् ॥

ऋग्वेद.

૧ અર્થ—અમે તે નિત્ય કૃષ્ણના સ્થાનની ઇચ્છા કરીએ છીએ. તે સ્થાન કેવું છે કે જેમાં શ્રી યમુના પુલીન, મોટા શીંગડાવાળી કામધેનુ, ગ્રામ્ય પશુઓ, નિકુંજાદીક ઉપવનો વગેરે આધીદૈવીક સ્વરૂપે છે. આ

* ભૂમીમાં તે લોક વેદ પ્રસિદ્ધ, મોટી કીર્તીવાળા સર્વ કામોની વૃષ્ટિ કરવા વાળા ભગવાન બિરાજે છે. આ પરમ ધામ શ્રીમદ ગોકુળ, પ્રકૃતી તથા કાળાદિકથી અતીત છે તે અત્યંત પ્રકાશીત થાય છે. એવા સમગ્ર આધિદૈવીક પદાર્થોથી પરિપૂર્ણ શ્રીકૃષ્ણનિકેતની અમે કામના કરીએ છીએ.

૨ અર્થ—વિશેષથી સ્તુતિ કરનારા, પ્રમાદથી રહીત જાગ્રત થયલા, વિષ્ણુના પરમ ધામને શબ્દદ્વારા પ્રકટ કરે છે અથવા એવા પુરૂષો મેધાવી હોવાથી વેદમાં જેવું કે ભગવદ લીલાનું સ્વરૂપ કહ્યું છે તેના અનુસંધાન-પૂર્વક, શબ્દ અને અર્થમાં પ્રમાદ રહીત થઇ, ભગવદ રૂપ અને તેના ધામની નિત્યતામાં, કુતર્કરહીત દ્રઢ બુદ્ધિ-પુર્વક, રાત્ર દિવસ સ્તોત્રાદીકથી કીર્તન કરતાં ઉભય રૂપની નિત્યતાનું પ્રકાશ કરે છે. તેવા પુરૂષો શુદ્ધ વૈદીક હોવાથી તે પરબ્રહ્મની લીલાનું શ્રવણ કરે છે, ગાન કરે છે, ગ્રહણ કરે છે અને વારંવાર સ્મરણ કરે છે અને આનંદીત થાય છે; તેઓજ તરત તેના દર્શન કરે છે. એ ક્યારે થાય જ્યારે ભગવાન અને તેનું ધામ નિત્ય હોય ત્યારે. શ્રી શામવેદની છાન્દોગ્ય ઉપનિષદમાં બ્રહ્મધામનું અતી સુંદર રીતીથી વર્ણન છે. તે નીચે પ્રમાણે છેઃ—

---

* ભૌતિક ભૂમી જેવી ન સમજવી પણ પ્રકાશ રૂપ અનુભવ-ગમ્ય છે.

अथ यदिद मस्मिन् ब्रह्म पुरे दहरं पुण्डरीक दृष्म दहरोऽस्मिन्नंतर आकाशस्तस्मिन् यदन्तस्तदन्वेष्ट व्यम तद्वाव विजिज्ञासितव्य मित्ये तस्याग्रे । किंतत्र विद्यते यदन्वेष्ट-यं यद्वावावि जिज्ञासित य मिति प्रश्ने, यावान वा अयमाकाश स्तावानेषोन्त हृदय आकाश उभे अस्मिन द्यावा पृथिवी अन्तरे व समाहिते इत्यादिना अग्नि वायु सूर्य चन्द्र विद्युन्नक्षत्राण्युक्त्वा. यच्चे हास्ति यच्चनास्ति सर्वं तदस्मिन समाहित मित्युक्त्वा ब्रह्मपुरे जीर्णे ध्वस्ते वा तदाश्रितं किमव शिष्यते इति प्रश्ने, नास्य जरयै तज्जीर्यति, न वधे नास्य हन्यते, एतत् सत्य ब्रह्म परम स्मिन् कामाः समाहिताः, एष आत्माऽ यहत पाप्मेत्यादि ॥

અર્થ—આ બ્રહ્મપુર જે છે તે દહર શબ્દ વાચ્ય પરમાત્માનું સ્થાન છે તે દહરની અંદર જે આકાશ છે તેની અંદર જે કંઇ છે તે જોવું અને જાણવું, વળી આગળ કહે છે કે જાણવા અને જોવા જેવું તેમાં શું છે તે વીષે એમ કહે છે કે જેટલો આ બાહ્ય આકાશ છે તેટલોજ અન્તર (હૃદયાઆકાશ છે તે અંતર (હૃદયાકાશમાં (બ્રહ્મ ધામની અંદરનું આકાશ) પૃથ્વી, બાહ્ય આકાશ, અગ્નિ, વાયુ, સુર્ય, ચંદ્ર વિદ્યુત, નક્ષત્રગણુ અને અહીંઆ જે કંઇ છે અને નથી તે સર્વ તેમાં સમાયલાં છે. એમ કહી શ્રુતિ આગળ કહે છે. બ્રહ્મપુર જ્યારે જીર્ણ થાય ત્યારે તેની આશ્રિત શું રહે

છે એમ પ્રશ્ન કરી તેનું ઉત્તર આપે છે જે આ બ્રહ્મ-ધામ જરાથી જીર્ણ નથી થતું. વધથી નાશ નથી થતુ. આ બ્રહ્મપુર સત્ય છે એમાં કામ સમયલાં છે એ નિર્દોષ આત્મા છે. એવી રીને વેદમાં નિત્ય અને સત્ય બ્રહ્મપુર પ્રતિપાદીત છે. બ્રહ્મપુર એટલે બ્રહ્મનું ધામ; બ્રહ્મ એટલે ભગવાન અને પુર એટલે તેનું સ્થાન એવો લીલાસ્થાન શ્રીમદ ગોકુળ તેની અંદર આકાશાદિક પદાર્થો કહ્યા છે તે સર્વ આધિદૈવિક (ભૌતીક નહી) એની અંદર સ્થિત છે. કાળાદીકને આધીન નથી.

શ્રી કૃષ્ણનું નીત્યપણુ અને તેના ધામની નીત્ય-તાનું જે શ્રુતીઓએ ગાન કર્યુ છે તે યથામતી નીરૂપણ કરવામાં આવ્યું છે, એનું મનન કરી અને તેનું યથાર્થ સ્વરૂપ જાણીને તેની સેવામાં આપની પ્રતિક્ષણ પ્રીતી થાય એવી શ્રી પૂર્ણ પુરૂષોત્તમ આનંદઘન પ્રભુ પાસે મારી નમ્ર અભ્યર્થના છે.

શાન્તિઃ

भक्तियोग.

यंब्रह्मा वरुणेन्द्र रुद्र मरुत: स्तुन्वन्तिदिव्यै: स्तवै वैदै: साङ्ग पद क्रमोपनिषदैर्गायन्ति यं सामगा: ॥ ध्याना वस्थित तद्गतेन मनसा पश्यन्ति यं योगिनो यस्यान्तं न विदु सुरा सुरगणा देवाय तस्मै नम:

પ્રિય ભ્રાતૃવૃંદ,

પૂર્વોકત વ્યાખ્યાનોમાં "અવતાર સિદ્ધી" નિત્ય કૃષ્ણ અને તેના ધામની નિત્યતા વગેરેની સિદ્ધી થઇ ચૂકી છે. હવે એવા અનુભવ કરવા યોગ્ય વિષયોના અનુભવ કેમ થાય તેનુ મુખ્ય, સાધન વેદાદિક શાસ્ત્રોમાં જે વર્ણવેલ છે તે આ વ્યાખ્યાનથી પ્રતિપાદન કરવામાં આવશે.

શ્રી ગીતાજીમાં જોઇએ છીએ તો એજ તેના ૯૯ અભ્યાસથી નિશ્ચય થાય છે જે ભગવાન ભકિત વિના મળતા નથી જેમ કે **भक्तया ह्मेकया ग्राह्य** ॥ હું એક અનન્ય ભકિતથીજ ગ્રાહ્ય છું એમ ભગવાન કહે છે.

વેદ, ગીતા, સૂત્રો તથા ભાગવતમાં ભકિતનીજ ઉત્કૃષ્ટતા બતાવી છે.

ભકિત વિષે કેટલાક લોકોનું એવું મત છે, કે ભકિત એક જ્ઞાનનું અંગ છે, જ્ઞાન થયા બાદ ભકિત નિરર્થક

છે; પણ આ મત પ્રસ્થાન ચતુષ્ટયની વિરૂદ્ધ છે. કેમકે શુકદેવજી અને વ્યાસ ભગવાન જેવા પૂર્ણ જ્ઞાનીઓને પણ જ્ઞાનથી સંતોષ ન થયો તેથી શ્રીમદ ભાગવત્ ભકિત-શાસ્ત્રનું સેવન કર્યું. શ્રી ગીતાજી પણ એમ કહે છે —

ब्रह्मभूत प्रसन्नात्मा न शोचति न कांक्षति ॥ सम सर्वेषु भूतेषु मद् भक्ति लभते पराम ॥

અર્થ—જે જીવ બ્રહ્મ ભૂત થઇ ગયો છે, આ સર્વ બ્રહ્મમય છે એવો જેને પુર્ણ જ્ઞાન થયું છે અને તેથી પ્રસન્ન અંતઃકરણવાળો થયોછે, તે નહિ શોક કરેછે નહિ કોઇની ઇચ્છા રાખેછે અને સર્વ પ્રાણીઓમાં સમ દૃષ્ટિથી જુએછે તેનેજ મારી પરમ પ્રેમરૂપી ભકિત પ્રાપ્ત થાય છે. હવે સ્પષ્ટ થયું જે ભકિત જ્ઞાનનું અંગ નથી પણ જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ ભકિત કરવી બાકી રહેછે.

ભકિત શબ્દનું ધાત્વર્થ

ભકિત શબ્દના ધાતુ અર્થ એમ છે જે **भज** ધાતુ-માંથી ભકિત શબ્દ થયોછે. તે "ભજ" ધાતુ "સેવા" વાચક છે. આ **भज** ધાતુને "ભાવ" અર્થમાં **क्तिन्** પ્રત્યય લગાડેલ છે, જેથી ભકિત એવું રૂપ સિદ્ધ થાયછે. એનો ચરિતાર્થ થયો જે ભાવથી સેવા કરવી તેનું નામ ભકિત. શાસ્ત્રમાં પણ એવીજ રીતે વ્યુત્પત્તિ છે.

भज स्त्येष वै धातुः सेवायां परिकीर्तितः

ભજ ધાતુ જે છે તે સેવાર્થસૂચક છે. શ્રી મહા પ્રભુજી સેવા ત્રણ પ્રકારની બતાવે છે (૧) તનુજા (૨) વિત્તજા (૩) માનસી. તનુજા એટલે શરીરથી ભગવાનની સેવા કરવી, વિત્તજા એ પૈસાથી અનેમાનસી એટલે મનથી કરવી. તેમાં માનસી સેવા ઉત્તમોત્તમ છે: તે તનુજા અને વિત્તજા સેવા કર્યા બાદ સિદ્ધ થાય છે. સેવા એટલે મનનું સ્નેહભાવથી ભગવાનમાં પરોવાવું. હવે એવા ભગવાન કયા જેમાં પ્રેમ અને સ્નેહ સાથે મન લગાડવું અને આગળ કોણે એવી ભકિત કરી છે તે જોઇએ.

જો કે ભક્તિ કરવા યોગ્ય ભગવાન શ્રીકૃષ્ણ વિષે આગળ કથન થઇ ગયું છે તો પણ બીજા બે ચાર તાજા પ્રમાણ અત્રે આપવામાં આવે છે.

જુઓ નીચે શ્રુતિ કઇ વસ્તુભકિત કરવા યોગ્ય દર્શાવે છે:—

आत्मा अरेवा दृष्टव्य. श्रोतव्यो मन्तव्यो निध्दिध्यासनव्य

અરે! મૈત્રેયી પરમપ્રેમનું સ્થાન આ પરમાત્માજ સાક્ષાત્કાર કરવાયોગ્ય, શ્રવણ કરવાયોગ્ય, અને નિશ્ચયપૂર્વક ધ્યાન કરવાયોગ્ય છે.

તે પરમાત્મા કોણ છે તે વિષે ઉપનિષદ્ કહેછે—

तस्मात कृष्णएव परमोदेवस्तं ध्यायेत् ॥ तं रसयेत तं यजेत तं भजेत् ॥

અર્થ :—એટલા માટે શ્રી કૃષ્ણ એજ પરમદેવ છે તેનુંજ ધ્યાન ધરવું, તેનોજ અનુભવ કરવો, તેનુજ પૂજન કરવું અને તેનીજ ભક્તિ કરવી. તમામ પ્રકારના ધર્મ માર્ગો અર્જુનને સમજાવ્યા પછી ગુહ્યમાં ગુહ્ય વાત ભગવાને જે સ્વસખા અર્જુનને કહે છે તે નીચે પ્રમાણે છે: તેમાં પણ સ્વભક્તિનીજ મહીમા છે.

मन्मना भव मद्‌ भक्तो मद्याजीमां नमस्कुरु ॥ मामेवैष्यसि सत्यंते, प्रतिजाने प्रियोऽसिमे ॥

અર્થ :—મારે વિષે મન લગાડ, મારૂં પૂજન કરનાર થા, મને નમસ્કાર કર તેથી તું મનેજ પામીશ, તારી પાસે હું સત્ય પ્રતિજ્ઞા કરૂંછું કારણ કે તું મને પ્રિય છે.

અતમાં ભગવાન એમ કહે છે જે

सर्व धर्मान् परित्यज मामेकं शरण व्रज ।

સર્વ ધર્મ ત્યાગ કરી એક મારે શરણે આવ. હુ એકજ જીવને પાપ મુક્ત કરવા સમર્થ છું. એટલાજ માટે શ્રીમદ્દ વલ્લભાચાર્ય નિરોધ લક્ષણ ગ્રંથમાં કહે છે:—

हरिःमुर्ति सदा ध्येया संकलपाऽपि तत्र हि ॥ दर्शनं स्पर्शनं स्पष्टं तथा कृति गती सदा ॥

શ્રી હરિઃ સ્વરૂપનું નિરંતર ધ્યાન ધરવું તેનુંજ દર્શન, સ્પર્શ, શ્રવણ કીર્તન વગેરે સર્વ કાર્યો કરવાં ગતિ પણ તેના નિમિત્તજ કરવી.

શ્રી મહાપ્રભુ તો સ્પષ્ટ કહી દે છેઃ—

कृष्णश्चेत सेव्यते भक्त्या कलिस्तस्य फलायहि ॥

જે ભક્તિથી શ્રીકૃષ્ણનું સેવન કરે છે તેને કલિ ફળીભૂત થાય છે. એવી શુદ્ધ ભકિત કર્યાથી પ્રલ્હાદ, નારદ, શુકદેવ, પરિક્ષત, અર્જુન, ધ્રુવ, વગેરે અને વિશુદ્ધ પ્રેમ ભકિતના દ્રષ્ટાંતો ગોપિકાઓ, મીરાબાઇ, નરસિંહ મેહેતા વગેરે પુનીત થયા છે. ઉદ્ધવ અને બ્રહ્મા જેવા પરમ જ્ઞાની ઓ પણ ભક્તશિરોમણી ગોપિકાઓનાં ચરણ રેણું સારૂ તલસેછે; શું કરવા નહિં, ભગવાન કહેછે. હું જ્ઞાનીથી યોગી વધારે સમજું છું અને યોગીઓમાં પણ જે મને સર્વસ્વ અર્પણ કરીને સંસારની શૃંખલાઓ ટુકડા ટુકડા કરી જે નિરતર મને ભજે છે તેજ મને અતિ પ્રિય છે અને એવો ઉચ્ચ દ્રષ્ટાંત એક ગોપીકાઓનોજ મલે છે, જેઓ રાત્રો સમય હોવા છતાં ગ્રહ, કુટુંબ, પતિ વગેરેનો ત્યાગ કરી પ્રેમલુબ્ધ થઈ નાદામૃતપાન કરવા દોડી છે. શરીરની પણ જેઓને શુધી રહી નથી

ભગવાન તેઓને ત્યાં ધર્મનો ઉપદેશ કરે છે. "અરે ઓ ગોપિકાઓ આ રાત્રી સમય સ્વપતિઓનો ત્યાગ કરી અન્ય પુરૂષ પ્રતિ આવા પતિવૃત ધર્મનો તમે ભંગકરો છો? જાઓ પોતાના ગૃહો પ્રતિ" પણ આત્મસુધા પાન મૂકી કયો મૂર્ખ જીવ પ્રાકૃત ઘર પ્રતિ વિષપાન કરવા જાય.

લોઢાની બદ્ધ સાંકલોને ગોપીઓએજ કાચા સૂત્રના દોરા માફક તોડી નાખીછે.

પ્રિય શ્રોતાઓ તમે પણ એવી રીતે દુખદાયક કુટંબ ફાંસીમાંથી ગોપીકાઓનો ભક્તિનો દાખલો લઇ મુક્ત થાઓ અને અચળ સુખનો અનુભવ કરો.

શાન્તિ !